અપીલ અરજી નં.૩૦ તા.૧૮–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ )
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા.૧૭–૩–૧૧ની અરજીથી મહાનગરપાલિકા ધ્વારા કેટલા કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટેડ કર્યા છે, નામ નંબર સાથે વિગત આપવી. હાલ નવા જાહેર કાર્યો માટે કયા કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. તેની સંપુર્ણ વિગત આપવી. બ્લેકલીસ્ટ થયેલા એવા કેટલા કોન્ટ્રાકટરો છે જેને નવા જાહેર કાર્યો માટે ફરી કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. જાહેર કાર્યોના કોન્ટ્રાકટ કયા કયા અધિકારીઓ ફાળવે છે તેમની સંપુર્ણ વિગત. કેટલા પ્રકારના જાહેર કાર્યો છે જે જે કોન્ટ્રાકટ પધ્ધતીથી પૂર્ણ કરવાના હોય છે તેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૦/ ૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા.૧૭–૩–૧૧ની અરજીથી મહાનગરપાલિકા ધ્વારા કેટલા કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટેડ કર્યા છે, નામ નંબર સાથે વિગત આપવી. હાલ નવા જાહેર કાર્યો માટે કયા કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. તેની સંપુર્ણ વિગત આપવી. બ્લેકલીસ્ટ થયેલા એવા કેટલા કોન્ટ્રાકટરો છે જેને નવા જાહેર કાર્યો માટે ફરી કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. જાહેર કાર્યોના કોન્ટ્રાકટ કયા કયા અધિકારીઓ ફાળવે છે તેમની સંપુર્ણ વિગત. કેટલા પ્રકારના જાહેર કાર્યો છે જે જે કોન્ટ્રાકટ પધ્ધતીથી પૂર્ણ કરવાના હોય છે તેની માહિતિ આપવા બાબતે આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬ તા.૨૭–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ),ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતિ, ફી ભર્યાની વિગત તથા માંગેલ માહિતી સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતિની વિગતો જણાવેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીઓ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૭–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સુરત મ્યુ. કોર્પોરેશનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૪૯ તા.૧૮–૩–૧૧ થી ટાઉન પ્લાનરશ્રી (ટાઉન પ્લાનીંગ વિભાગ), કાર્યપાલક ઈજનેરશ્રી (તમામઝોન, ડ્રેનેજ, હાઈડ્રોલીક, હાઉસીંગ, ટ્રાફીક, લાઈટ, વર્કશોપ, સ્લમ અપગ્રેડેશન સેલ, બ્રીજ, બીઆરટીએસ પ્રોજેકટ, તાપી રીવર ફ્ન્ટ) ગાર્ડન સુપ્રિ. શ્રી આરોગ્ય અધિકારી શ્રી , મેનેજરશ્રી સોલીડ વેસ્ટ, પ્રોજેકટ ઓફિસરશ્રી, (યુસીડી) ચીફ ફાયર ઓફિસરશ્રી,ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસરશ્રી, સ્ટોર સુપ્રિ.શ્રી, (સેન્ટ્રલસ્ટોર), ડીનશ્રી સ્મીમેર કોલેજ/હોસ્પિટલ, પીઆરઓશ્રી, સીટી ઈજનેરશ્રી (સ્પે.સેલ) ડે.ઈજનેરશ્રી (આરડીડી) ને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદાર તરફથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન , ડે.કમિ.(હેઅનેહો), કાર્યપાલક ઈજનેર (હાઉસીંગ), એડી.સીટી ઈજનેર ડ્રેનેજ તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તારીખ વગરની અપીલ અરજી તા.૧૮–૪–૧૧ ના રોજ મળેલ છે. જેમાં અરજદારે અઠવાઝોન તરફથી જાહેર કોન્ટ્રાકટરોના નામની અને કામની યાદી મળેલ નથી. કેટલી રકમ ટેન્ડર ફાળવવામાં આવ્યા છે તેની માહિતી આપવામાં આવી નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે ટેન્ડર ફાળવણી અંગે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જયારે અરજદારે જાહેર માહિતી અધિકારી આરોગ્યમાં કાર્ય પૂર્ણ કરવા કોન્ટ્રાકટરને ફાળવેલ રકમ ટેન્ડરની રકમ દર્શાવવામાં આવી નથી. જાહેર કામોની તમામ વિગતો માંગવામાં આવેલ છે તે સ્પષ્ટ આપવામાં આવેલ નથી. જેમાં અરજદારે કોન્ટ્રાકટરોને ફાળવેલ ટેન્ડરની રકમ અંગે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જયારે જાહેર કામોમાં તમામ વિગત પૈકી કઈ વિગત મળેલ નથી તેવું સ્પષ્ટ પણે જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી ગાર્ડન પ્રો. સેલની માહિતીના અનુ નં.૨ ની માહિતી ટીપી ૧૦ માં તળાવ વિકાસનું કામ હટાવવામાં આવ્યુ છે પણ ટીપી ૧૦ પાલમાં કોઈ પણ તળાવ આવેલ નથી જે નકશા ઉપરથી જાણ શકાય. જે અરજદારે આપેલી માહિતીમાંથી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ કોન્ટ્રાકટરના નામના લીસ્ટ અને મંજુર થયેલ રકમની માહિતી મળેલ નથી. ટેન્ડરની રકમ અને કામના સ્ટેટસ આપવામાં આવ્યા

નથી જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. સંપૂર્ણ માહિતી માંગેલ હતી તે જાહેર કામોની મળેલ નથી. અરજદારે જુદા જુદા જાહેર માહિતી અધિકારી અંગે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ હોવાનું જણાવેલ છે પરંતુ મળેલા પ્રતિભાવની કોઈ નકલો અપીલ સાથે કે અપીલ તબકકે પત્ર પાઠવી માંગવા છતાં પણ રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ તેવી વિગતો પૂરી પડાયેલ નથી.

આમ અરજદારને અઠવાઝોન તરફથી કોન્ટ્રાકટરોના નામ અને કામની યાદી તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી કોન્ટ્રાકટના નામનું લીસ્ટ અને મંજુર થયેલ રકમની માહિતી તથા જાહેર કામોની માહિતી નહી પૂરી પાડયાની અરજદારે રજૂઆત કરેલ છે. જે અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી કોન્ટ્રાકટના નામનું લીસ્ટ તથા જાહેર કામોની માહિતી, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી કોન્ટ્રાકટના નામ અને કામની યાદી નહીં પૂરી પડાયેલી હોઈ દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. જયારે ડે.કમિ.(હેઅનેહો) જાહેર માહિતી અધિકારી તથા હાઉસીંગ બાબતે અરજદારને મળેલ માહિતી સામે અસંતોષ બાબતે અપીલ તબકકે વિગતો રજૂ કરવા છતાં અરજદારે રજૂ કરેલ ન હોઈ અરજદારના અપીલમાંના દાવાની યર્થાથતા નકકી થઈ શકેલ નથી. જેથી તેટલા પૂરતી અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે. તેમજ અરજદારે ટેન્ડરની વિગતો અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ),ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી .....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી પંકજભાઈ પાટીલ,વિસરીયા હયુમન રાઈટસ મેગેઝીન,૮૦, શિવશકિત સોસાયટી, તારાવિદ્યાલય પાસે, ભાઠેના–૩, સુરત.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.